ॐ

# શ્રી કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટ

રજી.નં. એ/૨૦૯૧ સુરત, તા.૧૮-૧૨-૧૯૭૧ સ્થાપના : ૮-૧૦-૧૯૭૧

જહાંગીરપુરા-વરીયાવ રોડ, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫. ફોન : ૨૭૬૯૭૭૯

તારીખ : ૧૨/૧૨/૨૦૨૦.

પ્રતિ,
**શ્રી ખલાસી ટીમલા પંચ (ખારવા માછી પંચ)**
ખલાસી ટીમલા પંચનું મકાન,
ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત.

**વિષય : <u>આપશ્રીનાં તા. ૦૭/૧૨/૨૦૨૦ નાં રોજના પત્રનાં અનુસંધાનમાં લેખિત જવાબ.</u>**

(૧) તમોને આવો પત્ર લખવાનો કોઈ હક્ક કે અધિકાર નથી.

(૨) પાળાની અંદરની નદી તરફનાં ભાગની તમામ જગ્યાઓ સરકાર હસ્તકની ચાલી આવેલ છે. જે સંજોગોમાં તમોને કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ જીણોધ્ધાર ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળને આવો પત્ર લખવાની કોઈ લોકસ સ્ટેન્ડ નથી.

(૩) તમો શ્રી ખલાસી ટીમલા પંચ કોઈ ગર્વમેન્ટ ઓથોરીટી નથી કે ગર્વમેન્ટ બોડી નથી. જેથી ખલાસી ટીમલા પંચની ઓફીસમાં અમોએ હાજર રહેવું કોઈપણ રીતે જરૂરી અને યોગ્ય નથી. તેમજ તમોને આવો પત્ર લખવાનો પણ કોઈ હક્ક કે અધિકાર નથી.

(૪) વળી, કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ જીણોધ્ધાર ટ્રસ્ટ હિન્દુઓ માટેનું ટ્રસ્ટ છે અને તેમાં શહેર સુરતમાં તમામ હિન્દુઓ અગ્નિદાહ માટે આવે છે. તેમાં કોઈ પણ



ગંગા સ્નાને - યમુના પાને - નર્મદા દર્શને - તાપી સ્મરણે

સંસ્થાને અપાતા દાનો ઇન્કમટેક્ષ એકટ ૧૯૬૧ની કલમ ૮૦ જી (૫)અન્વયે મહે. કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ, સુરત તા.૩-૬-૨૦૦૩ના SRT/CIT-1/TECH/104/S-28/08-09/243 થી ઈન્કમટેક્ષ મુક્ત છે.

ૐ

# શ્રી કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટ

રજી.નં. એ/૨૦૯૧ સુરત, તા.૧૮-૧૨-૧૯૭૧ | સ્થાપના : ૮-૧૦-૧૯૭૧

જહાંગીરપુરા-વરીયાવ રોડ, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫. ફોન : ૨૭૬૯૭૭૯

પ્રકારનો ભેદભાવ પણ નથી. તેમજ મુખ્યત્વે રાંદેર–અડાજણ અને ઓલપાડ–ચોર્યાસીનાં ગ્રામ્ય વિસ્તારનાં તમામ હિન્દુ સમાજનાં લોકો દ્વારા મરણની અંતિમવિધિની તમામ કાર્યવાહીઓ કરવામાં આવે છે તેમજ મોટી રકમનું દાન કરતાં હોઈ તમોએ કોઈ અગમ્ય કારણસર આવો પત્ર લખેલ હોવાનું જણાય આવે છે અથવા તો શ્રી કુરૂક્ષેત્ર સ્મશાનભુમી જીર્ણોધ્ધાર ટ્રસ્ટનાં પ્રમુખશ્રી પ્રત્યે વેમનસ્ય રાખી તથા સામાજીક દ્વવેશ ભાવ રાખી આવો પત્ર લખેલ હોવાનું પણ જણાય આવેલ છે. જે બાબતે હમો જરૂર પડયે વધુ ન્યાયીક કાર્યવાહીનાં હક્કો અબાધીત રાખીએ છીએ.

(૫) વધુમાં જણાવવાનું કે શ્રી ખલાસી ટીમલા પંચની મીટીંગમાં હાજર રહેવાનું શ્રી કુરૂક્ષેત્ર સ્મશાનભુમી જીર્ણોધ્ધાર ટ્રસ્ટનાં પ્રમુખ કે ટ્રસ્ટીઓએ જરૂરી નથી. તેમ છતાં તમને કોઈક બાબતે મનદુઃખ હોઈ તો, અમારા ટ્રસ્ટની ઓફીસે દિન–૭ માં આવી રૂબરૂ ખુલાસો કરી જવો.

અજયભાઈ ગાંધી
સેક્રેટરી
કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટ



ગંગા સ્નાને – યમુના પાને – નર્મદા દર્શને – તાપી સ્મરણે

સંસ્થાને અપાતા દાનો ઇન્કમટેક્ષ એકટ ૧૯૬૧ની કલમ ૮૦ જી (૫)અન્વયે મહે. કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ, સુરત તા.૩-૬-૨૦૦૩ના SRT/CIT-1/TECH/104/S-28/08-09/243 થી ઇન્કમટેક્ષ મુક્ત છે.